 No. of printed pages: 4

# SARDAR PATEL UNIVERSITY
## BCom (I Semester) Examination
## Thursday, 14th June 2012
## 3 - 5 pm
## UB01CCOM02 : Accountancy Paper I

કુલ ગુણઃ ૬૦

પ્ર.૧ રતિ અને પતિ ૭:૩ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા.૩૧.૩.૨૦૧૧ના રોજનું તેમનું પાકું સરવૈયું નીચે મુજબ છે. (૧૫)

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| લેણદારો | ૩૫૦૦૦ | હાથ પર રોકડ | ૩૦૦૦૦ |
| પ્રોવિડન્ટ ફંડ | ૩૦૦૦૦ | દેવાદારો ૫૦૦૦૦ | |
| કારીગર નફા ભાગ ભંડોળ | ૧૫૦૦૦ | જોગવાઇ ૧૦૦૦૦ | ૪૦૦૦૦ |
| સામાન્ય અનામત | ૨૦૦૦૦ | સ્ટોક | ૩૦૦૦૦ |
| મૂડીઃ રતિ ૧૪૦૦૦૦ | | સાંચા અને યંત્રો | ૫૦૦૦૦ |
| પતિ ૬૦૦૦૦ | ૨૦૦૦૦૦ | મકાન | ૧૫૦૦૦૦ |
| | ૩૦૦૦૦૦ | | ૩૦૦૦૦૦ |

તા.૧.૪.૨૦૧૧થી મતિને ૧/૪ ભાગના નફાનુકશાનથી નીચેની શરતોએ ભાગીદાર તરીકે દાખલ કરવામાં આવીઃ

૧. મતિ રૂા.૨૦૦૦૦ પોતાના ભાગ પેટે પાઘડી લાવશે, જેમાંથી અડધી રકમ રતિ અને પતિ ઉપાડી જશે.

૨. પેઢીની મિલકતો અને દેવાનું પુનઃ મૂલ્યાંકન નીચે પ્રમાણે કરવું :
   1. મકાન પર ૫% ઘસારો ગણવાનો છે.
   2. સ્ટોકની કિંમત રૂા.૪૦૦૦૦ ગણવી.
   3. ૧૦% લેખે શકમંદ લેણાંની જોગવાઇ જરૂરી છે.
   4. લેણદારોમાં રૂા.૧૫૦૦ સમાયેલ લેણદારને હવે ચૂકવવાના નથી.
   5. રૂા.૨૦૦૦ની લેણી થયેલી આવક ચોપડે દર્શાવવાની બાકી છે.

૩. નહીં ચૂકવાયેલ પગારના રૂા.૨૦૦૦ અને અગાઉથી ચૂકવેલ વીમાના રૂા.૧૦૦૦ ચોપડે નોંધવાના છે.

૪. મતિ નવી પેઢીની ચોખ્ખી મિલકતના ૧/૪ જેટલી રકમ મૂડી તરીકે રોકડમાં લાવશે.

તૈયાર કરોઃ
૧. નફા નુકશાન હવાલા ખાતું
૨. ભાગીદારના મૂડી ખાતાં
૩. રોકડ ખાતું
૪. મતિના પ્રવેશ બાદનું પાકું સરવૈયું.

**અથવા**

પ્ર.૧ રામ અને રહીમ ૨:૧ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા.૩૧.૩.૨૦૧૦ના રોજનું તેમનું પાકું સરવૈયું નીચે મુજબ હતુ. (૧૫)

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| લેણદારો | ૪૦૦૦૦ | રોકડ | ૧૦૦૦ |
| સામાન્ય અનામત | ૧૨૦૦૦ | દેવાદારો | ૩૦૦૦૦ |
| મૂડીઃ રામ ૩૦૦૦૦ | | સ્ટોક | ૨૫૦૦૦ |
| રહીમ ૨૦૦૦૦ | ૫૦૦૦૦ | મશીનરી | ૧૫૦૦૦ |
| | | મકાન | ૩૦૦૦૦ |
| | | પાઘડી | ૧૦૦૦ |
| | ૧૦૨૦૦૦ | | ૧૦૨૦૦૦ |

ઉપરની તારીખે પેઢીના નફામાં $^{1}/_{5}$ ભાગ આપીને કબીરને દાખલ કરવામાં આવ્યો. પ્રવેશ વખતે નીચેની ફેર-આંકણી કરવામાં આવીઃ

૧. મશીનરી અને સ્ટોરની કિંમત ૨૦% ઘટાડવી.
૨. દેવાદારોમાંથી રૂા.૧૦૦૦ ઘાલખાધ તરીકે માંડી વાળવા અને રૂા.૩૦૦૦ ઘાલખાધ અનામત ખાતે લઈ જવા.
૩. મકાનની કિંમત ૧૦% વધારવી.
૪. પેઢીની પાઘડીની કિંમત રૂા.૧૬૦૦૦ આંકવામાં આવી છે, જે કબીરના પ્રવેશ બાદ માંડી વાળવાની છે.
૫. કબીરે રૂા.૧૦૦૦૦ મૂડી પેટે લાવવાના છે.

તૈયાર કરોઃ ૧. નફા નુકશાન હવાલા ખાતું
૨. ભાગીદારોનાં મૂડી ખાતાં અને
૩. નવી પેઢીનું પાકું સરવૈયું.

પ્ર.૨ અ, બ અને ક ૩:૨:૧ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા એક પેઢીમાં ભાગીદારો છે. તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ 'બ' નિવૃત્ત થવાનું નક્કી કરે છે, ત્યારે પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે. (૧૫)

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| લેણદારો | ૧૫૦૦૦ | રોકડ | ૬૭૦૦ |
| મૂડીખાતાંઃ | | દેવાદારો | ૮૦૦૦ |
| અ ૧૫૦૦૦ | | સ્ટોક | ૧૧૧૦૦ |
| બ ૧૦૦૦૦ | | મકાન | ૨૩૦૦૦ |
| ક ૧૦૦૦૦ | ૩૫૦૦૦ | નફા-નુકશાન ખાતું | ૧૨૦૦ |
| | ૫૦૦૦૦ | | ૫૦૦૦૦ |

નિવૃત્તિ અંગે નીચેની શરતો નક્કી થઇ.

૧. મકાનની કિંમત રૂા.૭૦૦૦ વધારવી.
૨. દેવાદારો પર ૫% શકમંદ લેણાંની જોગવાઇ કરવી.
૩. પેઢીની પાઘડીની કિંમત રૂા.૧૮૦૦૦ આંકવામાં આવી અને આ અંગેનો હવાલો ચાલુ ભાગીદારોના મૂડી ખાતે પાઘડીનું ખાતુ ઉભુ કર્યા સિવાય નાખવાનો છે.
૪. 'બ'ને રૂા.૨૦૦૦ રોકડા તરત જ ચૂકવવા અને બાકીની રકમ તેના લોન ખાતે જવી.

તૈયાર કરોઃ ૧. પુનઃમૂલ્યાંકન ખાતું
૨. ભાગીદારોનાં મૂડી ખાતાં અને
૩. 'બ'ની નિવૃત્તિ પછીનું પાકું સરવૈયું.

**અથવા**

પ્ર.૨ પી, ક્યુ અને આર જેઓ ૫:૩:૨ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો હતા. તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૧૦ના રોજનું તેમનું પાકું સરવૈયું નીચે મુજબ હતુ. (૧૫)

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| મૂડીખાતાંઃ | | જમીન અને મકાન | ૫૦૦૦૦ |
| પી ૪૦૦૦૦ | | પ્લાન્ટ અને મશીનરી | ૨૦૦૦૦ |
| ક્યુ ૩૬૦૦૦ | | રોકાણો | ૨૦૦૦૦ |
| આર ૨૪૦૦૦ | ૧૦૦૦૦૦ | સ્ટોક | ૨૦૦૦૦ |
| અનામત | ૨૦૦૦૦ | દેવાદારો ૬૦૦૦૦ | |
| લેણદારો | ૫૦૦૦૦ | બાદઃ જોગવાઇ ૨૦૦૦ | ૫૮૦૦૦ |
| દેવી હૂંડી | ૧૦૦૦૦ | રોકડ અને બેન્ક | ૨૨૦૦૦ |
| ખર્ચા ચૂકવવાના બાકી | ૧૦૦૦૦ | | |
| | ૧૯૦૦૦૦ | | ૧૯૦૦૦૦ |

ઉપરોકત તારીખે 'આર' નિવૃત્તિ થયો અને નીચેની શરતો નકકી થઇઃ

૧. દેવાદારો ઉપર શકમંદ લેણાંની જોગવાઇ ૫% સુધી રાખવી.

૨. જમીન અને મકાનની કિંમત ૫% થી વધારવી.

૩. પ્લાન્ટ અને મશીનરી ૧૦% અને સ્ટોક ૫% ઘટાડવો.

૪. સમગ્ર પેઢીની પાઘડી રૂા.૫૪૦૦૦ નકકી થઇ અને તેમાંથી 'આર'ના ભાગનો પી અને કયુના ખાતે ૨:૩ના પ્રમાણમાં હવાલો નાખવો.

૫. નવી રચાયેલી પેઢીની કુલ મૂડી રૂા.૧૦૦૦૦૦ પી અને કયુ વચ્ચે નવા નફા-નુકશાનના પ્રમાણમાં રાખવી. જરૂરી રોકડ લાવવી કે ચૂકવી દેવી.

તૈયાર કરોઃ ૧. નફા-નુકશાન હવાલા ખાતું
૨. ભાગીદારોનાં મૂડી ખાતાં અને
૩. રોકડ અને બેન્ક ખાતું
૪. નવી પેઢીનું પાકું સરવૈયું.

પ્ર.૩ તા. ૩૧મી માર્ચ, ૨૦૧૦ના રોજનું મિલિન્દ અને અમીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું. (૧૫)

| જવાબદારીઓ | | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|---|
| પરચૂરણ લેણદારો | | ૩૮૦૦૦ | બેન્ક સિલક | ૧૧૫૦૦ |
| શ્રીમતી મિલિન્દની લોન | | ૧૦૦૦૦ | સ્ટોક | ૬૦૦૦ |
| અમીની લોન | | ૧૫૦૦૦ | પરચૂરણ દેવાદારો | ૧૯૦૦૦ |
| સામાન્ય અનામત | | ૫૦૦૦ | ફર્નિચર | ૪૦૦૦ |
| મૂડીઃ મિલિન્દ | ૧૦૦૦૦ | | પ્લાન્ટ | ૨૮૦૦૦ |
| અમી | ૮૦૦૦ | ૧૮૦૦૦ | રોકાણો | ૧૦૦૦૦ |
| | | | નફા-નુકશાન ખાતુ | ૭૫૦૦ |
| | | ૮૬૦૦૦ | | ૮૬૦૦૦ |

તા.૩૧મી માર્ચ, ૨૦૧૦ના રોજ નીચેની શરતોએ પેઢીનું વિસર્જન કરવામાં આવ્યુંઃ

૧. મિલિન્દ રોકાણો રૂા.૮૦૦૦માં લેવા સમંત થયા અને શ્રીમતી મિલિન્દ લોન ચુકવવાનું સ્વીકારે છે.

૨. અન્ય મિલકતોના નીચે મુજબ ઉપજ્યા.

| | | | |
|---|---|---|---|
| સ્ટોક | રૂા.૫૦૦૦ | પરચૂરણ દેવાદારો | રૂા.૧૮૫૦૦ |
| ફર્નિચર | રૂા.૪૫૦૦ | પ્લાન્ટ | રૂા.૨૫૦૦૦ |

૩. વિસર્જન ખર્ચ રૂા.૧૬૦૦ થયો.

૪. પરચૂરણ લેણદારો ફકત રૂા.૩૭૦૦૦ સ્વીકારવા સંમત થયા.
ભાગીદારો વચ્ચે નફો-નુકશાન ૩:૨ના પ્રમાણમાં વહેંચાય છે.

તૈયાર કરોઃ ૧. માલમિલકત નિકાલ ખાતુ
૨. બેન્ક ખાતું
૩. ભાગીદારોના મૂડી ખાતાં

**અથવા**

પ્ર.૩ રવિ, ચન્દ્ર અને કિરણ અનુક્રમે $^{૧}/_{૨}$. $^{૧}/_{૩}$ અને $^{૧}/_{૬}$ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓનું તા. ૩૧મી ઓકટોબર, ૨૦૧૧ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતું. (૧૫)

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | | રૂા. |
|---|---|---|---|---|
| રવિની મૂડી | ૩૦૦૦૦ | સ્થિર મિલકતો | | ૧૫૦૦૦ |
| ચન્દ્રની મૂડી | ૨૦૦૦૦ | પેટન્ટસ | | ૧૦૦૦ |
| ગીરો લોન | ૪૫૦૦ | સ્ટોક | | ૨૨૪૦૦ |
| લેણદારો | ૩૧૫૦૦ | દેવાદારો | ૩૨૬૦૦ | |
| | | જોગવાઇ | ૧૦૦૦ | ૩૧૬૦૦ |
| | | બેન્ક સિલક | | ૧૪૦૦૦ |
| | | કિરણની મૂડી | | ૨૦૦૦ |
| | ૮૬૦૦૦ | | | ૮૬૦૦૦ |

ઉપરની તારીખે પેઢીનું વિસર્જન કરવામાં આવ્યુ અને તમને નીચેની માહિતી આપવામાં આવે છે.

૧. સ્ટોકના ફકત રૂા.૨૦૦૦૦ ઉપજ્યા.
૨. ડૂબેલા લેણાં અને આપેલ વટાવના રૂા.૧૬૦૦ થયા.
૩. ગીરો લોન પૂરેપૂરી ચૂકવી દીધી.
૪. લેણદારોને ૫% વટાવ કાપી ચૂકવી દેવામાં આવ્યા.
૫. પેઢી સામે નુકશાનીનો દાવો રૂા.૫૬૦૦ આપી પતાવટ કરવામાં આવી.
૬. વિસર્જન ખર્ચના રૂા.૯૭૫ થયા.
૭. કિરણ નાદાર થયો અને તેની મિલકતોમાંથી પેઢીના લેણા પેટે રૂા.૪૦ પૈસા ડિવિડન્ડ મળ્યું.

તૈયાર કરોઃ ૧. માલમિલકત નિકાલ ખાતુ
૨. ભાગીદારોનાં મૂડી ખાતાં
૩. બેન્ક ખાતું.

પ્ર.૪ 'એમ', 'એન' અને 'ઓ' એ તા.૩૧મી માર્ચ, ૨૦૧૧ના રોજ ભાગીદારી પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યું, તે તારીખે તેઓનું પાકું સરવૈયું નીચે મુજબ છે. (૧૫)

| જવાબદારીઓ | | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|---|
| લેણદારો | | ૧૪૦૦૦૦ | પરચુરણ મિલકતો | ૪૫૦૦૦૦ |
| મૂડીઃ અ | ૨૦૦૦૦૦ | | રોકડ અને બેન્ક | ૫૦૦૦૦ |
| બ | ૧૨૦૦૦૦ | | | |
| ક | ૪૦૦૦૦ | ૩૬૦૦૦૦ | | |
| | | ૫૦૦૦૦૦ | | ૫૦૦૦૦૦ |

મિલકતોના હપ્તાઓમાં નીચે પ્રમાણે નાણાં ઉપજ્યાં હતાઃ

પ્રથમ હપ્તો રૂા. ૮૦૦૦૦
બીજો હપ્તો રૂા.૧૩૦૦૦૦
ત્રીજો હપ્તો રૂા.૧૨૦૦૦૦

તેઓ નફો-નુકશાન ૩ઃ૨ઃ૧ના પ્રમાણમાં વહેંચે છે. ''પ્રમાણસર મૂડીની પદ્ધતિ'' મુજબ રોકડની હપ્તે હપ્તે વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

**અથવા**

પ્ર.૪ ઈસ્ટ, નોર્થ અને સાઉથ ૨ઃ૧ઃ૧ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓ તા.૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ ભાગીદારીનું વિસર્જન કરે છે. તે દિવસનું તેઓનું પાકું સરવૈયું નીચે મુજબ છે. (૧૫)

| જવાબદારીઓ | રૂા. | મિલકતો | રૂા. |
|---|---|---|---|
| મૂડી ખાતાઃ | | ફર્નિચર | ૬૦૦૦ |
| ઈસ્ટ | ૨૦૦૦૦ | સ્ટોક | ૪૦૦૦૦ |
| નોર્થ | ૨૦૦૦૦ | પરચૂરણ દેવાદારો | ૬૦૦૦૦ |
| સાઉથ | ૧૬૦૦૦ | | |
| પરચૂરણ લેણદારો | ૫૦૦૦૦ | | |
| | ૧૦૬૦૦૦ | | ૧૦૬૦૦૦ |

મિલકતોના રૂા.૯૦૦૦૦ ઉપજ્યાં અને તે રકમ નીચે મુજબ ત્રણ હપ્તાઓમાં મળીઃ

૩૧ ઓકટોબર, ૨૦૧૦ રૂા.૫૦૦૦૦
૩૦ નવેમ્બર, ૨૦૧૦ રૂા.૩૨૦૦૦
૩૧ ડિસેમ્બર, ૨૦૧૦ રૂા. ૮૦૦૦

મહત્તમ નુકશાનની પદ્ધતિથી રોકડની વહેંચણી દર્શાવતું પત્રક તૈયાર કરો.

@ @ @